## **કૃષિ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટીસણસોલી, તા.મહેમદાવાદ દ્વારા નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ અંતર્ગત સી. આર. પી. અને કૃષિ સખી માટે પ્રાયોગિક અગ્નિઅસ્ત્ર જેવી બનાવટ સહિત પાચ દિવસીય પ્રાકૃતિક કૃષિ તાલીમનુ સમાપન થયુ**

કૃષિ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી સણસોલી, તા.મહેમદાવાદ દ્વારા નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ અંતર્ગત પ્રાકૃતિક કૃષિ તાલીમનુ સમાપન થયુ. જેમા ખેડા અને મહેમદાબાદ તાલુકાના ૫૪ કોમ્યુનિટી રીસોર્સ પર્સન અને કૃષિ સખીઓએ ખુબ જ ઉત્સાહ્પુર્વક ભાગ લીધેલ. ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિનો વિસ્તાર વધે તે માટે કેંદ્ર સરકારે નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ શરૂ કરેલ છે તેના ભાગ રુપે આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ કે.બી.કથીરીયાની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ કૃષિ સખી અને કોમ્યુનિટી રીસોર્સ પર્શન માટે તા. ૨૬-૦૫-૨૦૨૫ થી તા. ૩૦-૦૫-૨૦૨૫ સુધી પાંચ દિવસીય પ્રાકૃતિક કૃષિતાલીમમાં ડૉ. ડી. બી. પ્રજાપતિ, સહ સંશોધન વૈજ્ઞાનિક અને વડા, ડૉ. બી. એન. ઠક્કર, મદદનીશ વિસ્તરણ શિક્ષણશાત્રી, ડૉ. એમ. બી. ઝાલા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક તેમજ આણંદ કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકશ્રીઓ તેમજ કે. વી. કે., દેવાતજ વૈજ્ઞાનિકશ્રી અને પશુપાલન માહિતી માટે કામધેનુ યુનિવર્સિટીના બે વૈજ્ઞાનિકશ્રીઓ દ્વારા સચોટ માહિતી આપી. તથા આત્માનો સ્ટાફ અને પ્રાકૃતિક ખેતીના અનુભવી પ્રગતિશીલ ખેડુત એવા ઉદેસિંહ ભીમસિંહ ડાભી , ફાર્મર, બાવરા, જમીનની ફળદ્રુપતાનુ મહત્વ અને પ્રાકૃતિક ખેતીના વિવિધ આયામો અને તેને લગતા વિષયો પર માહિતી આપી.

અગ્નીઅસ્ત્ર અને જીવામ્રુત બનાવવાની પ્રાયોગિક રીતે માહિતી અપાઇ . ફિલ્ડ વિઝિટ, કૃષિ ગૌશાળા અને નેચરલ ફાર્મિંગ મૉડેલ માટે શ્રી ચંદુભાઈ પ્રગતિશીલ ખેડૂત, આમસરણ, તા. મહેમદાવાદના ફાર્મની મુલાકાત તેમજ મ્યુજીયમ મુલાકાત, નેનપુર ફાર્મ મુલાકાત કરી અને સ્વચ્છતા અભિયાન અંતર્ગત શપથ લેવામાં આવ્યા. પર્યાવરણ અંગે જાગૃતતા લાવવા વૃક્ષારોપણ કરેલ હતુ . ત્યારબાદ, કોમ્યુનિટી રીસોર્સ પર્સન અને કૃષિ સખી તાલીમ માટે પ્રમાણપત્ર એનાયત કરેલ હતા . કાર્યક્રમનું સંચાલન ડૉ. ટી આર. પટેલ દ્વારા કરવામાં આવ્યો.



ડૉ. વી. પી. રામાણી રિસોર્સ પર્સન, ગુજ. પ્રાકૃતિક ખેતી વિજ્ઞાન યુનિવર્સિટી હાલોલ




ડૉ. જે. એમ. ચૌધરી મદદનીશ પ્રાધ્યાપક વેટરનરી પબ્લિક હેલ્થ એન્ડ એપીડમીપોલોજી




સમાપન સમારોહ, આ.કૃ.યુ., સણસોલી




પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ ડૉ. ડી. બી. પ્રજાપતિ સહ સંશોધન વૈજ્ઞાનિક

| | | |
|---|---|---|
|  | |   |
| **અગ્નિઅસ્ત્રની  બનાવટ આ.કૃ.યુ., સણસોલી** | | **વૃક્ષા રોપન, આ.કૃ.યુ., સણસોલી - નેનપુર** |